**આવેદન શુલ્ક (નોન રિફંડેબલ) : ઈએસઆઈસી ફંડ ખાતા** સંખ્યા ૧ના પક્ષમાં અને અમદાવાદમાં ચૂકવવાપાત્ર રાષ્ટ્રીય બેંકના રૂ. ૨૫૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા એસસી/એસટી અને મહિલા ઉમેદવારોને આવેદન શુલ્કની છુટ છે. ઈચ્છુક ઉમેદવાર તેના આવેદન, જેમાં તેમનું સંપૂર્ણ વિવરણ અને બધા પ્રમાણપત્રોની ઝેરોક્ષ તથા બે તાજેતરના ફોટોગ્રાફ જરૂરી શુલ્ક સાથે તા. ૧૨-૪-૨૦૧૬ના ઈએસઆઈસી સામાન્ય હોસ્પિટલ, નરોડા, અમદાવાદના ચિકિત્સા અધિક્ષકના કાર્યાલય પર ઈન્ટરવ્યૂ માટે આવી શકે છે અને તેને તપાસ માટે મૂળ પ્રમાણપત્ર/દસ્તાવેજ બતાવવા પડશે. ઉમેદવાર આવેદન ફોર્મ સહિત વિસ્તૃત વિવરણ ઈએસઆઈસીની વેબસાઈટ **www.esic.nic.in** થી ડાઉનલોડ કરી શકે છે અથવા હોસ્પિટલના આસિસ્ટન્ટ ડિરેક્ટરના કાર્યાલયથી મેળવી શકે છે.

# ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.

**ટૂંકી મુદતની કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત**

ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. ગાંધીનગર માટે કરાર આધારિત ૧૧ માસ માટે અથવા માન્ય ભરતી પદ્ધતિથી નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય તે પૈકી જે વહેલું હોય તેટલા સમય માટે માસિક રૂ. ૩૦,૦૦૦/- ફીક્સ પગારથી જગ્યા ભરવા માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુના મુજબની અરજી જરૂરી પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ વગેરેની પ્રમાણિત નકલો સાથે અત્રેના કોર્પોરેશનને તા. ૧૧-૪-૨૦૧૬ના રોજ ૧૮-૩૦ કલાક સુધીમાં માત્ર સ્પીડ પોસ્ટ દ્વારા મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧. | મેનેજર (ડ્રગ, પ્રોકયોરમેન્ટ) | ૧ |
| ૨. | મેનેજર (ઈક્વીપમેન્ટ, પ્રોકયોરમેન્ટ) | ૧ |
| ૩. | મેનેજર (ઈક્વીપમેન્ટ, મેઈનટેનન્સ) | ૧ |
| ૪. | મેનેજર (લીગલ) | ૧ |
| ૫. | મેનેજર (ઓડિટ) | ૧ |
| ૬. | મેનેજર (એમ.આઈ.એસ.) | ૧ |

ઉપરોક્ત જગ્યા માટેની જરૂરી લાયકાત, ઉંમર તથા અનુભવ અંગેની વિગતો અને અરજીફોર્મ ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.ની વેબસાઈટ **(http://gmsci.gujarat.gov.in./Announcements)** ઉપરથી ડાઉનલોડ કરવાનું રહેશે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો શૈક્ષણિક લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો સ્વઅક્ષરે ભરી માત્ર સ્પીડ પોસ્ટથી બંધ કવરમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તેમજ કવર ઉપર જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાના નામનો ઉલ્લેખ અચૂક કરવાનો રહેશે. અધુરી વિગતોવાળી તેમજ નિયત તારીખ બાદ મળેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**મેનેજીંગ ડાયરેક્ટર**

## પશ્ચિમ રેલવે : અમદાવાદ ડિવિઝન

વિવિધ સ્ટેશનો ખાતે જન સાધારણ ટિકીટ બુકીંગ સેવક(જેટીબીએસ)ની નિમણૂક

પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો ખાતે જન સાધારણ ટિકીટ બુકીંગ સેવક(જેટીબીએસ) તરીકેની નિમણૂક માટે ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ ) દ્વારા નિયત અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સ્ટેશન | જેટીબીએસની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧ |
| ૨ | મણીનગર | ૦૩ |
| ૩ | વટવા | ૦૧ |
| ૪ | સાબરમતી | ૦૧ |
| ૫ | હિંમતનગર | ૦૧ |
| ૬ | નવા ભૂજ | ૦૧ |
| ૭ | કલોલ | ૦૨ |
| ૮ | મહેસાણા | ૦૧ |
| ૯ | પાલનપુર | ૦૨ |
| ૧૦ | સિધ્ધપુર | ૦૧ |
| ૧૧ | વિરમગામ | ૦૧ |
| ૧૨ | ચાંદખેડા | ૦૧ |
| ૧૩ | પાટણ | ૦૧ |
| ૧૪ | સાબરમતી(બીજી) | ૦૧ |
| ૧૫ | તલોદ | ૦૧ |
| ૧૬ | આંબલિયાસણ | ૦૧ |
| | કુલ | ૩૦ |

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ - ૨૧-૪-૨૦૧૬.અરજી ફોર્મનો નમૂનો અને જાહેરાતની વધુ વિગતો માટે વેબસાઈટ www.wr.indianrailways.gov.in જોવી.

*(અનુસંધાન પાન નં. ૭ નું ચાલુ)*

**12. FTR HQ :** CH/STC Tekanpur

**PLACES WHERE VACANCIES EXISTING :** Tekanpur

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, TEKANPUR, DT-GWALIOR (MP)

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**Note :-**

(i) Suitable and willing candidates may walk in for Interview to any of the place of Interview of their choice on dates given against the location of Walk-in-Interview alongwith original & photocopies of all relevant documents (like Graduate & Post Graduate Degree, age proof and experience certificate etc.) and application in plain paper superscripting the name of the post applied for and five passport size recent photographs.

(ii) Candidates are advised to log on BSF Website i.e. www.bsf.nic.in for updating further changes if any.

(iii) The advertisement will be valid for 01 year. Eligible candidates can submit their candidature any time to concerned BSF Composite Hospital and walk-in-interview will be arranged subject to vacancy. While submitting the application, the candidate should mention/prioritize their choices of locations for appointment which will be taken into consideration while issuing offer of appointment.

(iv) In case of selection of more candidates for a particular location, waiting list will be prepared in the order of merit, which will be valid for one year from the date of Publication of the advertisement.

(v) In case vacancy is available in a particular location even after the interview, selected candidates as per waiting list will be asked for their willingness for appointment in that location.

(I.D. Singh)
Commandant (Rectt)

*(અનુસંધાન પાન નં. ૨ નું ચાલુ)*

ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, અરજી ફી અને પસંદગીની પદ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો એન.આઈ.સી.ની વેબસાઈટ http://ojas.gujarat.gov.in ઉપર દર્શાવેલ છે. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણુંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણુંક થયેલ હશે તો કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતોવખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધીન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કાયદેસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/ અધિકાર ભરતી કમિટી/ કમિશ્નરશ્રી (આરોગ્ય)નો રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ નથી. (હેલ્પ લાઈન નં. ૧૮૦૦૨૩૩૫૫૦૦)

અધ્યક્ષ
સ્ટાફ નર્સ સ્પર્ધાત્મક પરિક્ષા સમિતિ
હોદ્દાની રૂએ કમિશ્નર આરોગ્ય,
તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.સે.) ગાંધીનગર.

## અન્ય જાહેરખબર

- **નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક કો-ઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર, પબ્લિકેશન ઓફિસર, આસિ. એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર, રિસર્ચ આસિસ્ટન્ટ, આસિસ્ટન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૧૨
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૯-૩-૨૦૧૬ થી ૨૧ દિવસ
  **વેબ સાઈટ** : www.nipccd.nic.in
- **યુથ ફોર એક્શન : સિકંદરાબાદ**
  **જગ્યાનું નામ** : સિનિયર સાયન્ટિસ્ટ એન્ડ હેડ, સબજેક્ટ મેટર સ્પેશ્યાલીસ્ટ, પ્રોગ્રામ આસિસ્ટન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૫
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૫-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.youthforaction.nic.in
- **ધ મરીન પ્રોડક્ટસ એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી : કોચી**
  **જગ્યાનું નામ** : જુનિ. ટેકનિકલ ઓફિસર (એક્ષ્પોર્ટ પ્રમોશન), ડેટા પ્રોસેસીંગ આસિસ્ટન્ટ, જુનિયર હિન્દી ટ્રાન્સલેટર, સિનિયર કલાર્ક, જુનિ. સ્ટેનોગ્રાફર (અંગ્રેજી), હિન્દી સ્ટેનોગ્રાફર, જુનિ. લેબોરેટરી એનાલીસ્ટ, ફિલ્ડ સુપરવાઈઝર, જુનિયર કલાર્ક, ઈલેક્ટ્રીકલ ઓપરેટર, ફિલ્ડ આસિસ્ટન્ટ,
  **જગ્યાની સંખ્યા** : ૭૧
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૩૧-૩-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.npeda.gov.in
- **ઓફિસ ઓફ ધ કેન્ટોનમેન્ટ બોર્ડ : લેન્સડાઉન (ઉત્તરાખંડ)**
  **જગ્યાનું નામ** : જુનિ. કલાર્ક, આસિ. ટીચર્સ (પ્રાયમરી, મેથ્સ જનરલ), મીડવાઈફ (મહિલા)
  **જગ્યાની સંખ્યા** : ૯
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૪-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.lansdownecb.org.in.
- **એએસસી રેકર્ડસ (સાઉથ) : બેંગ્લોર**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવીઝન કલાર્ક
  **જગ્યાની સંખ્યા** : ૧૧
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૯-૩-૨૦૧૬ થી ૨૧ દિવસ
- **ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ : ફરીદાબાદ**
  **જગ્યાનું નામ** : સેકશન ઓફિસર, ટેકનિકલ ઓફિસર (સિવિલ, ઈક્વીપમેન્ટ એનાલીસીસ, ક્લીનીકલ ડેટા મેનેજમેન્ટ), મેનેજમેન્ટ આસિ., લેબ ટેકનીશીયન, સિનિયર ટેકનીકલ ઓફિસર (આઈ.ટી.)
  **જગ્યાની સંખ્યા** : ૭
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.thsti.res.in
- **ધ શીપીંગ કોર્પોરેશન ઈન્ડિયા લિ. : મુંબઈ**
  **જગ્યાનું નામ** : આસિ. મેનેજર (મેનેજમેન્ટ, લીગલ, ફીનાન્સ એન્ડ એકાઉન્ટ, સિવિલ એન્જિનિયર)
  **જગ્યાની સંખ્યા** : ૧૫
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૯-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.shipindia.com
- **આર્ટલરી રેકોર્ડસ : નાસીક રોડ કેમ્પ (મહારાષ્ટ્ર)**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવીઝન કલાર્ક, મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ
  **જગ્યાની સંખ્યા** : ૮
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૯-૩-૨૦૧૬ થી ૨૧ દિવસ
- **આર્ટીલરી સેન્ટર : નાસીક રોડ કેમ્પ : મહારાષ્ટ્ર**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવીઝન કલાર્ક, રસોઈયા, મોચી, વાળંદ, મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ, લાશ્કર
  **જગ્યાની સંખ્યા** : ૧૧
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૯-૩-૨૦૧૬ થી ૨૧ દિવસ
- **ઈન્ડિયન ઓર્ડેનન્સ ફેક્ટરીસ : ભંડારા : મહારાષ્ટ્ર**
  **જગ્યાનું નામ** : રસોઈયા, દરવાન, ફીટર બોઈલર, બોઈલર એટેન્ડન્ટ, ફીટર પાઈપ, ફીટર ઈન્સ્ટુમેન્ટ, ફીટર જનરલ મિકેનિક, ઈલેક્ટ્રીશીયન
  **જગ્યાની સંખ્યા** : ૧૯
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૯-૩-૨૦૧૬ થી ૨૧ દિવસ
  **વેબ સાઈટ** : www.propex.gov.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૧૯-૩-૨૦૧૬)**

# પરીક્ષાની વૈતરણી તરવા બુદ્ધિ વધારવાના ફંડા - ૨

**રોજગારની આસપાસ**

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

ગયા લેખમાં આપણે બુદ્ધિના ૮ પ્રકારો પૈકીના ૪ પ્રકારો શાબ્દિક બુદ્ધિ, શારીરિક બુદ્ધિ, આત્મલક્ષી બુદ્ધિ તેમજ વ્યક્તિ-પરક બુદ્ધિની વિસ્તૃત ચર્ચા કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આવા પ્રકારની બુદ્ધિ અપેક્ષીત હોય, તેવા પ્રશ્નોનો સામનો કઈ રીતે કરી શકાય, તે જોયુ હતું. જ્યારે આજના આ લેખમાં બુદ્ધિના અન્ય ચાર પ્રકારો તર્ક બુદ્ધિ, દશ્ય પરિમાણ બુદ્ધિ, ઓડિટરી બુદ્ધિ તેમજ પ્રકૃતિ / કુદરતી બુદ્ધિની ચર્ચા કરીશું.

**૫. Logical/Mathematical Intelligence (તર્ક/ ગાણિતીક બુદ્ધિ) :** સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તર્ક આધારિત પ્રશ્નો (Logical Questions) તેમજ ગાણિતીક પ્રશ્નો (Numerical Questions) મોટા પ્રમાણમાં પુછાતા જ હોય છે. આવા પ્રશ્નો કોયડા (Puzzle) જેવા હોય છે.

**લક્ષણો :** (૧) જે વિદ્યાર્થીઓને દલીલ કરવાની આદત હોય, ચીલાચાલુ વાતોમાં રસ ન હોય, પુરાવા/સાબિતી સિવાય કોઈપણ બાબત સ્વીકારતા ન હોય તેઓ આવા પ્રશ્નોને સરળતાથી તર્ક લગાડીને સોલ્વ કરી શકતા હોય છે. (૨) નિયમો, સિદ્ધાંતો તેમજ ગમા-અણગમાની બાબતમાં સ્પષ્ટતા ધરાવનાર ઉમેદવારો આવા પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા હોય છે. (૩) તર્ક/ ગાણિતીક બુદ્ધિ ધરાવતા પ્રશ્નોને ઉકેલવા માટે આંકડાકીય કુશળતા તેમજ સાયન્ટિફીક/વૈજ્ઞાનિક અભિગમ હોવો જરૂરી છે. આવી વ્યક્તિઓ 'નંબર સ્માર્ટ' તરીકે ઓળખાય છે.

**કારકિર્દીના ક્ષેત્રો :** અર્થશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી, આંકડાશાસ્ત્રી, એન્જિનિયર, ડોક્ટર, સાયન્ટિસ્ટ, બેંકમાં કેશીયર/કલાર્ક/એકાઉન્ટન્ટ, શેર બ્રોકર, મોટા કોર્પોરેટહાઉસમાં ઓડિટર, સોફ્ટવેર એન્જિનિયર, સિસ્ટમ એનાલીસ્ટ, ચાર્ટડ એકાઉન્ટન્ટ વગેરે...

**આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા મહાનુભાવો :** રામાનુજ જેવા ગણિતશાસ્ત્રીઓ, વિક્રમ સારાભાઈ - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકો, બીલ ગેઈટ્સ, આચાર્ય વિષ્ણુ ગુપ્ત ઉર્ફે ચાણક્ય, ચેસ ચેમ્પિયન ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથન આનંદ, ન્યૂટન, આઈનસ્ટાઈન જેવા શોધકો વગેરે...

**પરીક્ષામાં આ પ્રકારની બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોને સોલ્વ કરવા બુદ્ધિ વધારવાના ઉપાયો :** (૧) પઝલ ગેઈમ રમવાની આદત પાડવી. (૨) કમ્પ્યૂટરની વિવિધ ભાષાઓ શીખવી (૩) નવરાશની પળોમાં કેલ્ક્યુલેટર પર વિવિધ ગણતરીઓ કરતા રહેવું. (૪) ચર્ચા દરમિયાન શા માટે (Why) તેમજ કેવી રીતે (How) જેવા પ્રશ્નો પૂછતા રહેવું. (૫) ડિબેટ સ્પર્ધામાં હંમેશા ભાગ લેતા રહેવું. ટીવી પર આવતા આ પ્રકારના કાર્યક્રમો જોવા. (૬) સાંપ્રત સમસ્યા અંગે ઘરમાં કુટુંબીજનો સમક્ષ, મિત્ર વર્તુળમાં ડિસ્કશન કરવું.

**૬. Visual / Spatial Intelligence (દશ્ય પરિમાણ બુદ્ધિ) :** સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આકૃતિને લગતા (Figural) પ્રશ્નો પૂછાતા હોય છે. ઘણીવાર 3D આકૃતિ, ખૂણા-કોણ, દષ્ટિ ભ્રમ ધરાવતા પઝલ જેવા પ્રશ્નો પણ પૂછવામાં આવતા હોય છે.

**લક્ષણો :** (૧) જે વ્યક્તિઓમાં દિશા સૂઝ સારી હોય, રસ્તા સરળતાથી યાદ રહે (Map Memory) મગજમાં ડિઝાઈન બનાવીને તેનો પ્લાન કાગળ પર દોરી શકે તેવી ક્ષમતા હોય, તેઓ આ પ્રકારના પ્રશ્નોને સરળતાથી સોલ્વ કરી શકે. (૨) એકવાર એક રસ્તે ગયા બાદ, તેનો ટૂંકા રસ્તાનો વિકલ્પ જે વિદ્યાર્થી / ઉમેદવાર વિચારી શકતા હોય, તેઓ આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા હોય છે. જેઓને 'પીકચર સ્માર્ટ' કહેવામાં આવે છે.

**કારકિર્દીના ક્ષેત્રો :** ઈન્ટીરીયર ડિઝાઈનર, એપરલ ડિઝાઈનર, ફેશન ડિઝાઈનર, ગ્રાફીક્સ ડિઝાઈનર, ફોટોગ્રાફર, ટાઉન પ્લાનર, ચિત્રકાર, એનીમેટર, ટુર ગાઈડ, આર્કિટેકચર, સર્વેયર, વેલ્યુઅર વગેરે...

**આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા મહાનુભાવો :** એમ.એફ. હુસેન, પાબ્લોપિકાસો - લીયોનાર્દો દ્ વિન્ચી - વાનગોગ જેવા ચિત્રકાર / પેઈન્ટર, સોમપુરાથી શરૂ કરીને માઈકલ એન્જેલો જેવા શિલ્પીઓ, રઘુ રાય - લવકુમાર ખાચર જેવા ફોટોગ્રાફર વગેરે....

**પરીક્ષામાં આ પ્રકારની બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોને સોલ્વ કરવા બુદ્ધિ વધારવાના ઉપાયો :** (૧) ૩-ડી મોડલના ચિત્રો દોરવા (૨) દોરવામાં કેટલાક સાંકેતિક ચિહ્નોનો ઉપયોગ કરવો. (૩) કમ્પ્યૂટર પર ફોટોશોપ કે કોરલ ડ્રોમાં ફોટાઓની ડિઝાઈન કરવી. (૪) ઘરમાં ફર્નિચરની ગોઠવણી, સજાવટ દર અઠવાડિયે અથવા દર મહિને બદલતા રહેવું.

**૭. Auditory/ Musical Intelligence (શ્રવણ - સંગીતમય બુદ્ધિ) :** વિદેશોમાં સ્ટુન્ડન્ટ વિઝા પર ઉચ્ચ અભ્યાસ માટે જનારા વિદ્યાર્થીઓને આપવી પડતી IELTS/GMAT/ TOFEL જેવી પરીક્ષાઓની તૈયારી કરવા માટે આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક હોવો જરૂરી છે. વ્યાખ્યાન પદ્ધતિથી અભ્યાસ કરવા માટે પણ આ પ્રકારની બુદ્ધિની આવશ્યકતા રહે છે.

**લક્ષણો :** (૧) આવી બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ કવિતા, ગીત જેવા પદ્ય સાહિત્ય સારી રીતે લાંબો સમય સુધી યાદ રાખી શકે છે. (૨)આવી બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ ટેલીફોન/મોબાઈલ પર જે તે વ્યક્તિનો અવાજ ઝડપથી વિચારી/શોધી શકે. બલકે ઘણા અવાજોમાંથી જે તે વ્યક્તિનો અવાજ અલગ પાડી શકે. આમ ઘોંઘાટવાળા વાતાવરણમાં પણ આવી વ્યક્તિ અભ્યાસ કરી શકે. (૩) મહદ્ અંશે આવી બુદ્ધિ ક્ષમતા સારી માત્રામાં ધરાવનાર વ્યક્તિઓ સતત ગણગણતા રહીને યાદ રાખવાની વસ્તુઓના જોડકણા/ એક્રોમ્સ બનાવી દેતા હોય છે. તેઓ સંગીત સાંભળતા કામ કરવાનું પસંદ કરે છે. આવી વ્યક્તિ ને સાઉન્ડ સ્માર્ટ તરીકે ઓળખવામાં આવે છે. (૪) આવી બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોના જવાબ વિચારતી વખતે હાથ-પગ સતત હલાવતા રહીને મનમાં ગણગણ્યા કરવું જોઈએ.

**કારકિર્દીના ક્ષેત્રો :** ગાયક, સંગીતકાર, ડી.જે., સંગીત શિક્ષક, મ્યુઝીકથેરાપીથી સમસ્યાનું નિદાન અને ઉપચાર સૂચવનાર થેરાપીસ્ટ, ઓરકેસ્ટ્રા ઈન્ચાર્જ કે ઓર્ગેનાઈજર વગેરે...

**આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા મહાનુભાવો :** સિતારવાદક પંડિત રવિશંકર, તબલાવાદક ઝાકીરહુસેન, આંતરરાષ્ટ્રીય સંગીતકાર ઝુબીન મહેતા, આનંદ બક્ષી જેવા ગીતકાર વગેરે.

**પરીક્ષામાં આ પ્રકારની બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોને સોલ્વ કરવા બુદ્ધિ વધારવાના ઉપાયો :** (૧) ટેબલ પર કામ કરતી વખતે બંને હાથથી ટેબલને તબલા માનીને લયબદ્ધ રીતે વગાડવાની ટેવ પાડવી. (૨) નવા ગીત-સંગીતને લાંબો સમય સુધી સાંભળતા રહો. (૩) તક મળે ત્યારે મ્યુઝીકલ પ્રોગ્રામમાં જાઓ.

**૮. Naturalis Intelligence (પ્રકૃતિ/કુદરત સંવેદી બુદ્ધિ) :** ગ્લોબલ વોર્મીંગના આ યુગમાં પ્રદૂષણ વધી રહ્યું છે, ત્યારે આવી બુદ્ધિ ધરાવનારાઓ દેશની સેવારૂપ એવા પર્યાવરણીય અભ્યાસક્રમોમાં જોડાઈને પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી શકે.

**લક્ષણો :** (૧) આવી બુદ્ધિ ધરાવનાર વ્યક્તિને કુદરતના તમામ સ્વરૂપોમાં રસ પડે ચાહે તે દરિયા કિનારો, પર્વત, ખીણ કે રણ કેમ ન હોય. તેઓ કુદરતી દશ્યોના ફોટોગ્રાફસ સંગ્રહ કરતા રહે. (૨) આવી બુદ્ધિ ધરાવતા પ્રશ્નોને પર્યાવરણ પ્રત્યે સંવેદના રાખવાથી સરળતાથી સોલ્વ કરી શકાય. (૩) મહદ્અંશે ટીવી પર જીયોગ્રાફીકલ ચેનલ જોનારાઓને આવા પ્રકારના પ્રશ્નોના જવાબ આપવામાં વાંધો આવતો નથી. આવા વિદ્યાર્થીઓને 'નેચર સ્માર્ટ' ગણવામાં આવે છે.

**કારકિર્દીના ક્ષેત્રો :** કૃષિ ક્ષેત્રમાં પ્રત્યક્ષ કે પરોક્ષ ભૂમિકા, પર્યાવરણ વાદી, પશુ / પ્રાણી ચિકીત્સક (વેટરનરી ડોક્ટર), ફોરેસ્ટ ઓફિસર, વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર, એનીમલ/બર્ડ હેલ્પલાઈન સર્વિસમાં કાર્યકરથી માંડીને એક્ટીવીસ્ટ, હવામાનશાસ્ત્રી વગેરે...

**આ પ્રકારની બુદ્ધિનો ઉચ્ચ આંક ધરાવતા મહાનુભાવો :** વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરનાર લવકુમાર ખાચર, મેનકાગાંધી જેવા પર્યાવરણ એક્ટીવીસ્ટ, ડિસ્કવરી ચેનલની વિવિધ ડોક્યુમેન્ટરી બનાવનાર પ્રોડ્યુસર વગેરે...

**પરીક્ષામાં આ પ્રકારની બુદ્ધિની કસોટી કરતા પ્રશ્નોને સોલ્વ કરવા બુદ્ધિ વધારવાના ઉપાયો :** (૧) પોતાની પાસે હંમેશા વિપુલદર્શક કાચ રાખવો, શક્ય હોય તો બાયનોક્યુલર પણ (૨) પર્યાવરણ સંબંધી પુસ્તકો, મેગેઝીન વાંચવા (૩) તક મળે તો બગીચાની માવજત કરવી.

**રોજગારી T-20 :** બુદ્ધિના ઉપરોક્ત આઠ પ્રકારો ઉપરાંત નવમા પ્રકારની Existenial Intelligence નો પણ કેટલાક વિદ્યાનો ઉલ્લેખ કરે છે. જેમાં અવકાશીય આધ્યાત્મિકતા અંગેની જાગૃતિ, વીલ પાવર તેમજ ઉચ્ચ પદ માટેની સંભાનતા જોવા મળે છે. આવી વ્યક્તિઓ પરીક્ષા / ઈન્ટરવ્યુમાં ઓપન હેન્ડેડ પ્રશ્નોના જવાબ બહુ જ સરળતાથી આપી શકતા હોય છે.

# Directorate General Border Security Force

## Pers Dte - Rectt Section

**No. A.3/Rectt/Spl & GDMO-Cont/BSF/2016**

## Recruitment of Specialist

Suitable and willing male and female candidates may WALK IN FOR INTERVIEW for engagement as Specialists in BSF Composite Hospitals and GDMOs (General Duty Medical Officers) in BSF hospitals on Contractual Basis as per the terms & conditions mentioned below:-

(1) **Date of Walk-in-Interview :** 25* to 29* April, 2016 at respective place of Interview as mentioned in para 12(a) & (b) below.

**(2) Remuneration**

**(a) Specialist Doctors**

For appointments in 'A' Class Cities - Rs. 64,009

For appointments in 'B' Class Cities - Rs. 60,841

For appointments in Unclassified areas - Rs. 57,672

Ear whole period of contract

**(b) General Duty Medical Officers**

For appointments in 'A' Class Cities - Rs. 53,025

For appointments in 'B' Class Cities - Rs. 50,400

For appointments in Unclassified areas - Rs. 47,775

Ear whole period of contract

**3) Age :** Not more than 67 yrs

**(4) Educational & Professional Qualifications**

**(a) Specialist Doctors**

(i) A recognized medical qualification included in the first or Second Schedule or Part II of the Third Schedule (other than that licentiate qualifications) to the Indian Medical Council Act, 1956. Holders of educational qualifications included in Part II or the Third Schedule should also fulfill the conditions stipulated in sub-section (3) of Section (13) of the Indian Medical Council Act, 1956.

(ii) Post-Graduate Degree/Diploma in the concerned Specialty as mentioned in Section-A or Section-B of Schedule-VI or equivalent

(iii) 1½ years' experience for Post Graduate Degree holder & 2½ Years for Diploma holder in the concerned specialty after obtaining the Post Graduate Degree/Diploma or equivalent.

**(b) General Duty Medical Officer**

(i) A recognized medical qualification included in the first or Second Schedule or Part II of the Third Schedule (other than that licentiate qualifications) to the Indian Medical Council Act, 1956. Holders of educational qualifications included in Part II or the Thlrd Schedules should also fulfill the conditions stipulated in sub-Sections (3) of Section (13) of the Indian Medical Council Act, 1956.

(ii) Completion of compulsory rotating internship.

(5) **Medical Examination :** Immediately after interview on the same day the candidates will be medically examined by a Board of Medical Officers detailed by concerned Composite Hospital. Appointment will be subject to medical fitness.

(6) **Period of Contract** Total Period of Contract will be five years or till the appointee attains the age of 67 years. However initial Contractual Appointment will be for 3 years which may be extended for further 2 years on year to year basis subject to the maximum age cap of 67 years. Thereafter, the contract will lapse automatically. However, the appointment can be terminated at any time by giving one month's notice (on either side) without assigning any reason by paying/refunding one month's salary.

(7) No Extension beyond the stipulated five years will be given. However, there is no bar on a contractual appointee applying afresh on completion of 5 years tenure.

(8) **Entitlement of Leave** The leave entitlement maybe governed in terms of DoP&T's OM No. 12016/3/ 84-Estt(L) dated 12th April 1985, as amended from time to time.

(9) The appointee shall not have any claim or right to regular appointment to any post under CAPFs.

(10) The appointee shall be on whole time appointment of the institution and shall not accept any other appointment, paid or otherwise, during the period of contract

(11) Other conditions of contract will be governed by the relevant rules and order issued from time to time.

(12) The location of Vacancies of Specialist Medical Officer & General Duty Medical Officer in BSF are as under:-

**(a) SPECIALISTS:-**

* **LOCATION WHERE VACANCIES EXISTING :** CH BSF Kadamtala/Tekanpur

**SPECIALITY :** Medicine, Surgery, Gynae & Obs, Orthopaedic, Radiologist, Psychiatry, Paediatric, Pathology, Anaesthesia

**PLACE OF WALK-IN-INTERVIEW :**

(i) BSE COMPOSITE HOSPITAL, KADAMTALA. SILIGURI. DT- DARIE E LING (WB)-734011.

(ii) BSE COMPOSITE HOSPITAL, TEKANPUR. DT-GWALIOR (MP)

**DATE OF WALK-IN-INTERVIEW :** 25th to 29th April 2016

* **LOCATION WHERE VACANCIES EXISTING :** CH BSF Srinagar / Jalandhar / Jodhpur / Hazaribagh / Kolkata / Agartala / Shillong / Aizawl

**SPECIALITY :** Medicine, Surgery, Gynae & Obs, Radiologist, Pathology, Anaesthesia, Opthalmology

**PLACE OF WALK-IN-INTERVIEW :**

(i) BSF CH. HUMHAMA SRINAGAR (J&K)

(ii) BSF CH IALANDHAR. PUNJAB-144006

(iii) BSF CH KOLKATA. WEST BENGAL

(iv) BSF CH SHILLONG MEGHALAYA-793006

(v) BSF CH IODHPUR RAIASTHAN-31232k

(vi) BSE CH AGARTALA TRIPURA-799012

(vii) BSF CH GUWAHATL ASSAM -781017

(viii) BSF CH AIZAWL MIZORAM- 796017

**DATE OF WALK-IN-INTERVIEW :** 25th to 29th April 2016

**(b) GENERAL DUTY MEDICAL OFFICERS:-**

**1. FTR HQ :** Ftr HQ Srinagar

**PLACES WHERE VACANCIES EXISTING :** Gogalond, Baramulla, Kupwara, Tregbal, Humahma

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, HUMHAMA, SRINAGAR (J&K)

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**2. FTR HQ :** Ftr HQ Jammu

**PLACES WHERE VACANCIES EXISTING :** Rajouri, Udhampur, Samba (West), Nowshera

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL BSF CAMPUS JALANDHAR CANTT, PUNJAB-144006

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**3. FTR HQ :** Ftr HQ Punjab

**PLACES WHERE VACANCIES EXISTING :** Khasa, Khemkaran, Abhohar, Amritisar

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL BSF CAMPUS JALANDHAR CANTT, PUNJAB-144006

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**4. FTR HQ :** Ftr HQ Rajasthan

**PLACES WHERE VACANCIES EXISTING :** Nagaur, Ramgarh Road

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL JODHPUR, MANDORE ROAD, JODHPUR (RAJ) - 342026.

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**5. FTR HQ :** Ftr HQ Gujarat

**PLACES WHERE VACANCIES EXISTING :** Bhuj, Jalipa- Barmer, Ayanagar (Bhuj), Gandhidham, Dantiwara, Chakur, Solapur (Maharastra)

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL JODHPUR, MANDORE ROAD, JODHPUR (RAJ) - 342026.

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**6. FTR HQ :** Ftr HQ South Bengal

**PLACES WHERE VACANCIES EXISTING :** Kolkata, Kalyani, Behrampur, Malda, Hazaribagh, Bihta(Patna), Koraput

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, KOLKATA, 2-B, LORD SINHA ROAD KOLKATA (WB)-700071

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**7. FTR HQ :** Ftr HQ North Bengal

**PLACES WHERE VACANCIES EXISTING :** Kishanganj, jalpaiguri, Raninagar-I, Govindpur, Patiram, Baikunthpur, Mainaguri (NJP)

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, KADAMTALA, SILIGURI, DT-DARJEELING (WB)-734011

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**8. FTR HQ :** Ftr HQ Guwahati

**PLACES WHERE VACANCIES EXISTING :** Guwahati, Alamganj(Dhubri), Roopnagar, Raninagar,-IV Panbari Dhubri, Alipurdwar, Falakata

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL GUWAHATI, ASSAM - 781017

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**9. FTR HQ :** Ftr HQ Meghalaya

**PLACES WHERE VACANCIES EXISTING :** Tura,Shillong, Jowai

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL. SHILLONG, UMPLING, EAST KHASI HILLS SHILLONG (MEGHALAYA)-793006

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**10. FTR HQ :** Ftr HQ M & C

**PLACES WHERE VACANCIES EXISTING :** Aizwal, Churachandpur

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, AIZAWL, MIZORAM-796017

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

**11. FTR HQ :** Ftr HQ Tripura

**PLACES WHERE VACANCIES EXISTING :** Teliamura, Udaipur, Gokul Nagar, Tripura Panisagar, Nalkata, Maharanichera

**PLACE OF WALK-IN-INTERVIEW :** BSF COMPOSITE HOSPITAL, AGARTALA TRIPURA-799012

**DATE OF WALK-IN- INTERVIEW :** 25th to 29th April, 2016

(અનુસંધાન પાન નં. ૫ ઉપર..)

# ભારતીય નૌકાદળ

## પરમેનન્ટ/શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર બનવાની તક

ભારતીય નૌકાદળમાં લોજીસ્ટીક કેડરમાં પરમેનન્ટ કમિશન અને એજ્યુકેશન બ્રાંચમાંમાં શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર માટે અપરીણિત પુરૂષ/મહિલા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવામાં આવે છે.

**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૯-૪-૨૦૧૬**

❑ **શૈક્ષણિક લાયકાત :.**

| ક્રમાંક | બ્રાંચ/કેડર | **યોગ્યતા** (બી.ટેક.માટે ઓછામાં ઓછા ૬૦/પી.જી.માટે ૫૦ ટકા) |
|---|---|---|
| (એ) | શોર્ટ સર્વિસ કમિશન(એજ્યુકેશન બ્રાંચ) | (૧)એમ.એસસી.ફિઝિક્સ(બી.એસસી.મેથ્સ.સાથે) અથવા (૨)એમ.એસસી.મેથ્સ.(બી.એસસી.ફિઝિક્સ સાથે) અથવા (૩) એમ.એસસી.કેમિસ્ટ્રી (બી.એસસી.ફિઝિક્સ સાથે) અથવા (૪)એમ.એ.(અંગ્રેજી) તથા ઈન્ટરમિડિએટ કક્ષાએ ફિઝિક્સ અથવા મેથ્સ.વિષય અથવા તેને સમકક્ષ લાયકાત અથવા (૫) એમ.સી.એ./ એમ.સી.એસ.(સ્નાતક કક્ષાએફિઝિક્સ અથવા મેથ્સ.વિષય હોવો જોઈએ. અથવા (૬) એમ.એ.(હિસ્ટરી/પોલિટીકલ સાયન્સ/ઈકોનોમિક્સ) અથવા મિકે./ઈલેકિટ્રકલ/કોમ્પ્યુટર સાયન્સ/ટેકનોલોજી પૈકી કોઈ એક વિષયમાં બી.ઈ./બી.ટેક./એમ.ટેક.થયેલા હોવા જોઈએ. |
| (બી) | પરમેનન્ટ કમિશન(લોજીસ્ટીક બ્રાંચ) | પ્રથમ વર્ગ સાથે (૧) કોઈપણ શાખામાં બી.ઈ./બી.ટેક. અથવા એમ.બી.એ.અથવા બી.એસસી./બી.કોમ./બી.એસસી.(આઈ.ટી) તથા પી.જી.ડિપ્લોમા ઈન ફિનાન્સ/લોજીસ્ટીક્સ/સપ્લાય ચેઈન મેનેજમેન્ટ/ મટીરીયલ મેનેજમેન્ટ અથવા એમ.સી.એ./એમ.એસસી.(આઈ.ટી) |

❑ **યોગ્યતાનો માપદંડ : વય મર્યાદા :** એજ્યુકેશન બ્રાંચ માટે ઉમેદવારની વય ૨૧ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. એટલે કે, ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૨ અને તા. ૧-૧-૧૯૯૬ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.લોજીસ્ટીક બ્રાંચ માટે ઉમેદવારની વય ૧૯ ૧/૨ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. એટલે કે, ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૨ અને તા. ૧-૭-૧૯૯૮વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

♦ એજ્યુકેશન બ્રાંચ માટે મહિલા મને પુરૂષ બંને તથા લોજીસ્ટીક બ્રાંચ માટે માત્ર પુરૂષ ઉમેદવારો જ અરજી કરી શકશે.

♦ ઉમેદવારોએ માત્ર એક જ અરજી કરવાની છે.

♦ જો ઉમેદવાર એકથી વધુ બ્રાંચ માટે યોગ્યતા ધરાવતા હોય તો અરજીમાં તેનો અગ્રતા ક્રમ દર્શાવવો.

♦ અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠા હોય તેવા તથા અરજીની તારીખે જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

♦ ઉમેદવારના શરીરના અંદરના ભાગોમાં છૂંદણા/ટેટુ ચીતરાવેલ હશે તો તે માન્ય ગણાશે, પરંતુ બાહ્ય ભાગમાં ચીતરાવેલા ટેટુ ધરાવનાર ઉમેદવાર ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક ધોરણો :** પુરૂષ ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૭ સે.મી. હોવી જોઈએ.મહિલા ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઇ ૧૫૨ સે.મી.હોવી જોઇએ.

❑ **દૃષ્ટિનું ધોરણ :** બંને કેડર માટે દૂરની દ્રષ્ટિ ૬/૬, ૬/૧૨

❑ **શોર્ટ સર્વિસ કમિશન :**

♦ શોર્ટ સર્વિસ કમિશન ૧૨ વર્ષની મુદત માટે છે. વધુ ૧૪ વર્ષ સુધી લંબાવી શકાશે.

♦ શોર્ટ સર્વિસ કમિશનનો સમયગાળો પૂરો થયા પછી નિયમોનુસાર મળવાપાત્ર ગ્રેજ્યુઈટી સાથે છૂટા કરવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરવી ?**

ઉમેદવારોએ નૌકાદળની વેબસાઈટ **www.joinindiannavy.gov.in** ઉપર **તા. ૯-૪-૨૦૧૬** સુધીમાં ઓન લાઈન અરજી કરવાની છે. એક થી વધુ અરજી કરનારની ઉમેદવારી રદ કરવામાં આવશે. ઓન લાઈન અરજી કર્યા બાદ ઉમેદવારને સિસ્ટમ જનરેટેડ 'એપ્લિકેશન નંબર' મળશે. આ એપ્લિકેશન નંબર પ્રિન્ટ આઉટમાં આપોઆપ છપાઈ જશે. ઉમેદવારોએ સિસ્ટમ જનરેટેડ એપ્લિકેશન નંબરવાળા અરજી ફોર્મની બે નકલ કાઢી લેવી. જે પૈકી એક નકલ સાથે સ્વયં પ્રમાણીત ફોટોગ્રાફ, ધો. ૧૦/૧૨ના પ્રમાણપત્રની નકલ-ગુણપત્રક સાથે, અન્ય શૈક્ષણિક લાયકાતના સેમેસ્ટર/વર્ષવાર ગુણપત્રકની નકલ સાથે રાખી **Post Box No. 04, R.K.Puram Main PO, New Delhi-110066** ના સરનામે સાદી ટપાલથી **તા. ૧૯-૪-૨૦૧૬** સુધીમાં મોકલી આપવી. બીજી નકલ રેકર્ડ માટે પોતાની પાસે સાચવી રાખવી.

♦ પ્રિન્ટ આઉટ મોકલવાના કવર પર

"ONLINE APPLICATION NO.___________

APPLICATION FOR PC (Log ) / SSC (Log & NAIC)JAN 2017COURSE Qualification______Percentage_______%

NCC 'C' Yes/No. લખવું

❑ **પસંદગી પદ્ધતિ :**

♦ ઉમેદવારોએ બી.ઈ./બી.ટેક. ડિગ્રી પરીક્ષામાં કરેલા દેખાવના આધારે સર્વિસ સિલેક્શન બોર્ડ (એસએસબી)ના ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે કોલઅપ આપવામાં આવશે.

♦ તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી પ્રમાણેના ઉમેદવારોને **જૂન ૨૦૧૬ થી ઓકટોબર ૨૦૧૬** દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ભોપાલ, કોઈમ્બતુર અથવા વિશાખાપટ્ટનમ ખાતે ઈન્ટરવ્યૂ માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ શારીરિક પરીક્ષણ કરાશે.

♦ એસ.એસ.બી. ઈન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. તે દરમ્યાન બે તબક્કામાં પસંદગી થશે. પ્રથમ દિવસે પ્રથમ તબક્કામાં ઈન્ટેલીજન્સ ટેસ્ટ ચિત્ર સંકેત અને ડિસ્કશન ટેસ્ટ યોજાશે. જે ઉમેદવાર પ્રથમ તબક્કામાં સફળ થવામાં નિષ્ફળ જશે તો તેઓને તે જ દિવસે પરત રવાના કરી દેવાશે. બીજા તબક્કામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓ, ગ્રુપ ટેસ્ટીંગ અને પર્સનલ ઈન્ટરવ્યૂ યોજાશે.

♦ જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી.નું ઈન્ટરવ્યૂ આપતા હોય તેઓને એસી-૩ ટીયરનું પરત જવા માટેનું રેલવે ભાડું મળવાપાત્ર છે.

♦ જે ઉમેદવારો ઈન્ટરવ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓની તે જ સ્થળે તબીબી તપાસ કરવામાં આવશે. જે ૩ થી ૫ દિવસ ચાલશે.

♦ એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના પ્રમાણમાં મૂળ પ્રમાણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**

♦ તાલીમ જાન્યુઆરી-૨૦૧૭માં ઈઝીમાલા, કેરાલા ખાતે શરૂ થશે.

♦ ઉમેદવારોને સબ-લેફટેનન્ટ ઑફિસર કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે નેવલ ઓરિયેન્ટેશન કોર્સ, નેવલ એકેડેમી, ઈઝીમાલા, કેરાલા ખાતે કરવો પડશે. ત્યારબાદ નેવલ ટ્રેનિંગ એસ્ટાબ્લિસમેન્ટ /શિપ/યુનિટ ખાતે વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે.

♦ માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઈ ઉમેદવાર પરણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઈ કરવાની રહેશે.

❑ **પગાર અને અન્ય ભથ્થા :** ઉમેદવારને સબ લેફ્ટેનન્ટથી કમાન્ડર સુધીની રેંકમાં બઢતી મળી શકે છે. સબ લેફ્ટેનન્ટની રેંકમાં પ્રારંભમાં રૂા. ૧૫,૬૦૦-૩૯૧૦૦ + રૂા. ૫૪૦૦ ગ્રેડ પે + રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

♦ **અન્ય ભથ્થાં :**

♦ મોંધવારી ભથ્થું, સીસીએ, ઉપરાંત કેડર મુજબ અન્ય ભથ્થા અને નાણાંકીય લાભ મળી શકે છે.

♦ ઑફિસરને વાર્ષિક ૬૦ દિવસની રજા, ૨૦ દિવસની કેજ્યુઅલ, લીવ (સી.એલ.), લીવ ટ્રાવેલ કન્સેશન (પ્રવાસ રાહત ભથ્થું), પોતાની તથા કુટુંબની અને તેમના પર આધારિત માતાપિતાની વિનામૂલ્યે તબીબી સેવાઓ, કેન્ટીનની સવલતો, ગ્રુપ વિમો રૂા. ૫૭ લાખ અને અન્ય રાહતો પ્રાપ્ત થશે.

❑ **સાહસિક રમતો :**

ભારતીય નૌકાદળ તમારી પસંદગીની રમતગમતની સવલત પૂરી પાડે છે. જેવી કે, સ્કવોશથી સ્વીમિંગ, ઘોડે સવારીથી ગોલ્ફ, આ ઉપરાંત પર્વતારોહણ, રિવર રાફટિંગ, હોટ એર બલૂનિંગ, હેંગ ગ્લાઈડિંગ, વિન્ડ સર્ફિંગ વગેરે રમતો માટેની સવલત પૂરી પાડે છે. જેમાં ભાગ લઈ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

♦ કોઈપણ કારણ દર્શાવ્યા વિના અરજીઓનો તારવણી કરવાનો નેવલ હેડકવાર્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. આ અંગે કોઈ પત્રવ્યવહાર કરાશે નહીં.

♦ ઈન્ટરવ્યૂ માટે S.S.B. સેન્ટર બદલવાની પરવાનગી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.

♦ આ જાહેરાતની શરતો ફેરફારને આધીન રહેશે અને તેથી આ શરતોને માર્ગદર્શક સૂચનાઓ ગણવી.

♦ ઉમેદવાર એકથી વધુ કેડર માટે શૈક્ષણિક યોગ્યતા ધરાવતા હોય તો પણ એક જ ઓનલાઈન અરજી કરવાની છે. આ અંગે કેડરની પ્રાયોરીટી ઓનલાઈન અરજી વખતે સબંધીત કોલમમાં જણાવવાની રહેશે.

♦ એક કરતાં વધુ અરજી મોકલતા ઉમેદવારો ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક યોગ્યતા :**

નેવલ એકેડેમીમાં તમારો અભ્યાસક્રમ શારીરિક બાબતોને સ્પર્શનારો હોઈ, તે માટે તમારી જાતને શારીરિક રીતે તાલીમ, દોડ અને રમતો વગેરે દ્વારા સુસજ્જ રાખો, જેથી કરી તમને ઉચ્ચ કક્ષાની શારીરિક તાલીમમાં કોઈ મુશ્કેલી ન પડે.

વેબસાઈટ : **www.joinindiannavy.gov.in**

●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.